# આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૦, અષાઢ વદ ૮ • તા. ૧૯ જુલાઈ, ૨૦૧૪ • અંક : ૫



## શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ સ્મરણાંજલિ અંક

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
અમદાવાદ



ખામેમિ સવ્વ જીવે
સવ્વે જીવા ખમંતુ મે
મિત્તિમે સવ્વ ભૂએસુ
વેરં મજ્ઝં ન કેણઈ

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)


# આનંદ કલ્યાણ

વર્ષ : ૨ ♦ અંક : ૨ ♦ સળંગ અંક: ૫ ♦ મૂલ્ય : ૨૦ ♦ વાર્ષિક લવાજમ : ૭૫



ભવિષ્યને નિહાળતી દીર્ઘદર્શિતાભરી દ્રષ્ટિ

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**

**૨૫, વસંતકુંજ, નવા શારદામંદિર રોડ,**

**પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**

**'આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)**

**વર્ષ : ૨ અંક : ૫**

**પ્રકાશન**

વિ.સં. ૨૦૭૦, અષાઢ વદ ૮ • તા. : ૧૯-૦૭-૨૦૧૪, શનિવાર

**પ્રકાશક :**

કર્નલ ગૌતમભાઈ શાહ (જનરલ મેનેજર)

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૭

**ફોન :** ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

**Telefax :** (૦૭૯)૨૬૬૦ ૮૨૪૪ • **E–mail :** shree_sangh@yahoo.com

**મુદ્રક :**

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ)

**મો. :** ૯૮૨૫૨ ૬૧૧૭૭ • **E–mail :** navneet1177@gmail.com



શેઠ શ્રી શ્રેણિકભાઈ પેઢીના વર્તમાન પ્રમુખ સંવેગ લાલભાઈ સાથે

# શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈનો મિતાક્ષરી પરિચય

**નામઃ** શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ

**જન્મતારીખ :** ૨૮-૧૨-૧૯૨૫, **સમયઃ** ૫:૧૫ સવારે

શેઠ શ્રી શ્રેણિકભાઈની કુંડળી




**જન્મસ્થળ :** અમદાવાદ

**પિતા :** કસ્તૂભાઈ લાલભાઈ

**માતા :** શારદાબેન કસ્તૂરભાઈ

**નાના :** ચીમનલાલ વાડીલાલ ઝવેરી

**નાની :** લીલાવતી ચીમનલાલ ઝવેરી

**મોટાભાઈ :** સિદ્ધાર્થભાઈ જન્મતારીખ : ૩-૫-૧૯૨૩

**અભ્યાસ :** આર.સી. હાઈસ્કૂલ, અમદાવાદ
Massachusetts Institute of Technology (M.I.T.) Boston – USA, 1946
Harvard Business School (M.B.A.), Boston – USA 1948

ધંધામાં જોડાયા - ૧૯૪૮

**લગ્ન તારીખ :** ૦૯-૦૨-૧૯૫૧

**ધર્મપત્ની :** પન્નાબેન (ચંદ્રસિંહ શેઠના દીકરી)

**પુત્ર :** સંજય જન્મ: ૧૦-૪-૧૯૫૪ **લગ્ન :** ૧૯-૦૧-૧૯૭૯, **પુત્રવધૂ :** જયશ્રી

**પુત્રી :** કલ્પના જન્મ: ૦૭-૧૨-૧૯૫૭ **લગ્ન :** ૦૩-૧૨-૧૯૮૧, **જમાઈ :** શ્રીપાલ મોરખિયા

**પૌત્ર :** પુનિત જન્મ : ૧૨-૦૩-૧૯૮૨, **પૌત્રવધૂ :** પૂર્વા

**પૌત્ર :** કુલિન જન્મ : ૧૩-૦૮-૧૯૮૫, **પૌત્રવધૂ :** જયના

**પ્રપૌત્ર :** ઈશાન પુનિતભાઈ **જન્મ :** ૦૬-૧૦-૨૦૧૧

**પ્રપૌત્રી :** અનન્યા કુલિનભાઈ **જન્મ :** ૧૯-૦૧-૨૦૧૩

**માતા શારદાબેન સ્વર્ગવાસ :** ૧૪-૧૨-૧૯૫૦

**પિતા કસ્તૂરભાઈ સ્વર્ગવાસ :** ૨૦-૦૧-૧૯૮૦

**ધર્મપત્ની પન્નાબેન સ્વર્ગવાસ :** ૧૫-૦૩-૨૦૦૪

**આણંદજી કલ્યાણજી પેઢીમાં નિરીક્ષક તરીકે :** ૧૭-૦૬-૧૯૬૭

**આણંદજી કલ્યાણજી પેઢીમાં પ્રમુખ તરીકે :** ૦૮-૦૩-૧૯૭૬ થી ૦૬-૧૧-૨૦૦૫ સુધી

**પેઢીના ટ્રસ્ટી પ્રવર :** તા.૦૬-૧૧-૨૦૦૫ થી ૩૦-૦૬-૨૦૦૮ સુધી

**પેઢીના ચેરમેન એમિરેટસ :** તા.૩૦-૦૬-૨૦૦૮થી

**છેલ્લી બીમારી :** તા. ૦૨-૦૮-૨૦૧૩થી

**અનંત તરફ પ્રયાણ :** ૧૯-૦૬-૨૦૧૪ સવારે ૭.૩૫ કલાકે

## શ્રેણિકભાઈ કહેતા હતા
## "ક્યાં પપ્પાજી અને ક્યાં હું ? મારા જીવનમાં જે કઈ છે તે પપ્પાજીનું પુણ્ય છે. વડવાઓનો તપ છે."


શેઠશ્રી કસ્તૂરભાઈનો પરિવાર













બધાને સાથે લઈને ચાલવાની એમની મહેચ્છા અને સ્વભાવે મોટા પરિવારને સાથે જોડી રાખ્યો. એકમેક માટે કંઈક કરી છૂટવાનો મંત્ર આપ્યો. ચાર પેઢીની જીવંત પરંપરા એ એમના જીવનનું બહુજ ઉમદા પાસું હતું. અને સામાજિક સ્તરે પણ 'સહુનો સાથ એજ મોટી વાત'ના વલણથી એઓ બહુજન પ્રિય બની શક્યા. અજાતશત્રુની કક્ષાએ પહોંચ્યા !



ચાર પેઢીની પ્રસન્ન પળો



હળવા થવાની પળો



પોતાનાની સેવા નહી પણ પ્રેમ કહેવાય !



બાળની સંભાળ અને રમતિયાળ વ્હાલ એ હૈયાને ખુશખુશાલ રાખે છે.

શેઠ શાંતિદાસના પૂર્વજોમાં હરપાળ, વછાશા (વાછાશા) તથા શાંતિદાસના પિતા શેઠ શેષકરણના નામો મળે છે. શાંતિદાસ શેઠની વંશાવલી આ પ્રમાણે આગળ વધે છે.

(૧) શેઠ શાંતિદાસ

(૨) શેઠ લક્ષ્મીચંદ

(૩) શેઠ ખુશાલચંદ

(૪) શેઠ વખતચંદ (અહીંથી શાખા જુદી પડે છે.)

(૫) શેઠ મોતીભાઈ — હિમાભાઈ

(૬) શેઠ ફતેહભાઈ — પ્રેમાભાઈ

(૭) શેઠ ભગુભાઈ — મયાભાઈ


(૮) શેઠ દલપતભાઈ ગંગાબા — વિમળભાઈ

(૯) શેઠ લાલભાઈ મોહિનાબા
(અહીંથી શાખા જુદી પડે છે.)

(૧૦) શેઠ કસ્તૂરભાઈ શારદાબેન — નરોત્તમભાઈ સુલોચનાબેન


(૧૧) શેઠ શ્રેણિકભાઈ પન્નાબેન — નિરંજનભાઈ હંસાબેન


(૧૧) શેઠ સંજયભાઈ જયશ્રીબેન — સંવેગભાઈ (હાલના પેઢીના પ્રમુખ)



# યુવા શ્રેણિકભાઈનો અંદાજ








## શિક્ષણ, ધર્મ, કળા અને સાહિત્ય જેવા ક્ષેત્રોના વિકાસમાં અમૂલ્ય પ્રદાન કરનાર શ્રેણિકભાઈ શેઠ : ગુજરાતની મહાજન પરંપરાની એક અણમોલ વિરાસત

શ્રેણિકભાઈ વિશે જાણીને આજની યુવા પેઢીને આશ્ચર્ય થાય તો નવાઈ નહીં. આજે લોકો પ્રસિદ્ધિની પાછળ દોડે છે ત્યારે આપણી વચ્ચે આવો પણ એક માણસ જીવતો હતો જેણે અત્યંત લૉ પ્રોફાઈલ રહીને સમાજના ખરા વિકાસ માટે દરેક ક્ષેત્રે પ્રદાન આપતો હતો. એક સામાન્ય વ્યક્તિના ઘરમાં જન્મલઈને કસ્તૂરભાઈ લાલભાઈ બનવું કદાચ સરળ છે, પરંતુ કસ્તૂરભાઈ લાલભાઈ જેવા શ્રેષ્ઠીના ઘરે જન્મીને પણ મહાજન પરંપરા અસાધારણ રીતે આગળ ધપાવવી એ કોઈ સંતના તપથી ઓછું નથી. શ્રેણિકભાઈએ જીવનભર આવું તપ કર્યું છે અને એટલે જ કહી શકાય કે, તેમના સ્વર્ગવાસ થી મહાજન પરંપરાના એક યુગનો અંત આવ્યો છે. તેઓ બીજાનું મંતવ્ય ખૂબ જ ધીરજપૂર્વક સાંભળતા હતા, સાંભળી શકતા હતા અને વિવિધ ક્ષેત્રના માણસોને પારખીને તેમની સાથે સુમેળ પણ સાધી શકતા હતા. શ્રેણિકભાઈના આ ગુણે જ તેમને અસામાન્ય મહાજન બનવામાં મદદ કરી છે.






શ્રેણિકભાઈએ વર્ષ ૧૯૪૬માં યુવાનવયે અમેરિકાની વિખ્યાત માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાંથી કેમિકલ એન્જિનિયરિંગ અને વર્ષ ૧૯૪૮માં હાવર્ડ યુનિવર્સિટીમાંથી એમ.બી.એ. ની ડિગ્રી મેળવી હતી. વિદેશમાંથી અભ્યાસ કરીને અમદાવાદ આવ્યા પછી વડીલોની દેખરેખ નીચે તેમણે રાયપુર, સરસપુર, અશોક, અરુણ, અરવિંદ, ન્યુ કોટન, અનિલ સ્ટાર્ચ લિમિટેડ અને અતુલ પ્રોડક્ટ્સ લિમિટેડમાં કામ કરવાનું શરુ કર્યું હતું. મિલઉદ્યોગ સંભાળતા જ શ્રેણિકભાઈએ નાણાંકીય અને માનવીય પાસાંને ઊંડાણપૂર્વક સમજીને તેમનામાં રહેલા એક કુશળ વહીવટકારના દર્શન કરાવ્યા હતા. ઉદ્યોગજગતમાં સફળતા તો અનેક લોકો મેળવે છે, પરંતુ શ્રેણિકભાઈ ફક્ત એક ઉદ્યોગપતિ નહીં પણ ખરા 'મહાજન' હતા. તેમના જીવનના આ પાસાં પરથી કહી શકાય કે તેઓ સાચુકલાં સ્વપ્નદ્રષ્ટા હતા. તેઓ માનતા કે, સમાજમાંથી મેળવેલું ધન સમાજને કોઈને કોઈ રીતે પાછું આપવું જોઈએ. શ્રીમંતાઈ ભૌતિક ચીજવસ્તુઓથી નહીં પણ દાનધર્મથી શોભે છે એ વાતનું તેમણે જીવનભર અનુસરણ કર્યું હતું. કુટુંબની ઉચ્ચપ્રણાલી જાળવીને ઉદ્યોગોમાં એમના જ્ઞાનનો ઉપયોગ નાણાંકીય માર્ગદર્શન અને વહીવટી સંવાદિતાના કાર્ય માટે કર્યો. સામેની વ્યક્તિનાં મંતવ્યો સાંભળવાની તત્પરતા અને સહુની સાથે સુમેળ સાધવાની કુનેહને કારણે એક કુશળ વહીવટકર્તા તરીકે એમણે આગવી છાપ ઉપસાવી. ચાલીસ વર્ષની એમની ઉદ્યોગની કારકિર્દીથી તેઓ સદૈવ આનંદ અને સંતોષનો ભાવ અનુભવતા હતા.

વ્યસ્તતા વચ્ચે પણ તેમણે ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, ગુજરાત વિદ્યાસભા અને ગાંધી આશ્રમજેવી સંસ્થાઓનું પ્રમુખપદ સંભાળ્યું હતું. ગુજરાત સાહિત્ય સભા અને કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાય મંદિરના ટ્રસ્ટી તરીકે પણ તેમણે સેવા આપી હતી. તેમણે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન, આઈઆઈએમ-અમદાવાદ, સેપ્ટ, અટીરા, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝમા રિસર્ચ, ગુજરાત મ્યુઝિયમ સોસાયટી અને એલ.ડી. ઈન્ડોલોજી જેવી ઔદ્યોગિક, શૈક્ષણિક અને કળા સંસ્થાઓનું પ્રમુખપદ સંભાળીને સામાજિક વિકાસમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે.

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના વિકાસમાં એમણે મહત્ત્વનો ફાળો આપ્યો અને એના રાહબર તરીકે ઘણા વર્ષો સુધી એનું સુકાન સંભાળ્યું. શિક્ષણ સંસ્થાઓમાં અટીરા, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ મ્યુઝિયમસોસાયટી, સેપ્ટ, આઈ.આઈ.એમ.એ., ઇન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાઝમા રિસર્ચ જેવી સંસ્થાઓમાં અને એ પછી અનેક વિદ્યાકીય, ધાર્મિક, સ્વાધ્યાયલક્ષી અને સાહિત્યિક સંસ્થાઓમાં જુદાં જુદાં હોદ્દા પર કાર્ય કર્યું. સ્પષ્ટવક્તા, હિસાબની ઝીણવટ, ઉદારતા, સ્નેહીઓ સાથેનું સૌજન્ય, ભારોભાર નમ્રતા અને વિરલ કોઠાસૂઝ એમના જીવનમાં જોવા મળ્યાં. ધર્મ, સમાજ કે રાષ્ટ્રના કટોકટીભર્યા પ્રસંગે એમણે ક્યારેય પાછી પાની કરી નથી.




દ્રષ્ટાંતરૂપ, નમ્રતા, પ્રમાણિકતા અને નિખાલસતા ધરાવતા શ્રેણિકભાઈની શ્રીમંતાઈ એમના નમ્રતાને સહેજે ઝાંખી કરી શક્યા નહીં. સમાજ પ્રત્યેની એમની ચાહના પર ક્યારેક એમના માન-મરતબો પ્રભાવ જમાવી શક્યો નહીં. પોતાને કાજે ઓછામાં ઓછું અને પારકાને કાજે સઘળું, એવી ભાવના ધરાવનારે ન્યૂનત્તમ જરૂરિયાતોથી જીવન વ્યતીત કરીને ઉત્કૃષ્ટ નીતિમત્તા અને ઉચ્ચ મૂલ્યો સાથે સમાજજીવનનાં અનેક ક્ષેત્રોને ઉજાસ પૂરો પાડ્યો.

શિક્ષણની સંસ્થા હોય કે ઉદ્યોગનું સુકાન હોય, સામાજિક ઉત્થાનનું કાર્ય હોય કે પછી ધર્મ સંસ્થાઓની આગેવાની હોય - આવા તદ્દન વિભિન્ન ક્ષેત્રોમાં એમની પ્રતિભાએ અપૂર્વ સાતત્યથી કાર્ય કર્યું. ક્ષેત્ર જુદું હોય, એના પડકાર સર્વથા ભિન્ન હોય, સંજોગો અને પરિસ્થિતિ સાવ નોખા હોય, તેમછતાં નીતિ, સચ્ચાઈ અને સ્નેહના પોતીકા માર્ગે ચાલીને એમણે સંસ્થાઓને ઉમદા રાહબરીનો આદર્શ આપ્યો.

(આલેખ : કુમારપાળ દેસાઈ)



એમણે રાત્રિ ભોજનનો ત્યાગ કરેલો હતો.

સામાજિક અને સંસ્થાકીય, ધંધાકીય અને અન્ય પ્રવૃત્તિઓની વ્યસ્તતાના કારણે ઘણી વખતે મિટિંગોમાં મોડુ થાય, મિટિંગો સાંજના, મોડી સાંજના ગોઠવાય... ત્યારે કાં તો એઓ Sorry કહીને મિટિંગ વચ્ચેથી નીકળી જાય... અથવા રોકાવું જ પડે તો પછી ભોજનનો ત્યાગ કરે ! પણ નિયમસાથે બાંધ છોડ કરવાની નહીં ! હોસ્પિટલમાં માંદગીના બિછાને પણ ઘડિયાળ પોતાના પલંગની સામે જ રખાવે અને સમયનું બરાબર ધ્યાન રાખે ! ક્યારેક જમ્યા પછી રાત્રે મોઢામાંથી દાણો નીકળે, કણ નીકળે તો એના માટે એઓ કહેતા 'જો દાણો બહાર કાઢીને ફેકીએ તો જીવજંતુની વિરાધના થવાની શક્યતા રહે, ખાઈએ તો દોષ લાગે, હવે કરવું શું ? આવે વખતે એ દાણા કે કણને ગળી જવાનું, સ્વાદનો અનુભવ કર્યા વગર !' જાણે સાપ ખાયને મુખડું થોથું' વાળી આનંદઘનજીની વાત !

સાંજના જમવાનો સમય પૂરો થાય એ પહેલા કોગળા કરીને દાંત સાફ કરવાનો એમનો આગ્રહ રહેતો ! ખાવાના શોખીન... જાતજાતનું ખાવાનું ગમે ! પણ 'જૈન ડીશ' નો જ આગ્રહ ! કંદમૂળ તો બીમારી દરમ્યાન પણ ન લેવાનો સખત આગ્રહ ! 'મેક્સીકન ડીશ' બહું જ ભાવે... 'ફેવરેટી ડીશ' પણ જૈન જ હોવી જોઈએ ! ક્યાંય પણ નવી વાનગી જુએ, ખાય તો ઘણી વખતે 'રેસિપિ' લખી લે... મંગાવે ! પોતે ઘણા નિયમોનું ચુસ્તતાથી પાલન કરે, પણ ક્યારેય બીજા ઉપર પોતાની કોઈ જ માન્યતા કે મંતવ્ય, વાત કે નિયમ, રીતભાત કે વલણ લાદવાની વાત નહીં !



આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશી સાથે



વિશ્વકોશ વાળા ધીરૂભાઈ ઠાકર સાથે


નરેન્દ્ર મોદી દ્વારા સન્માનિત


લાલકૃષ્ણ અડવાણી દ્વારા સન્માનિત



શંકરસિંહ વાઘેલા દ્વારા સન્માનિત


અટલબિહારી બાજપાઈ સાથે



શંકરદયાલ શર્મા સાથે



કે. આર. નારાયણ સાથે



રાજીવ ગાંધી સાથે




ચિમનભાઈ પટેલ સાથે



અમરસિંહ ચૌધરી સાથે

પોતાનું કામ જાતે કરવાની આદત ! પોતાની બેગને 'દફતર કહે... જાતે જ તૈયાર કરે. અતુલ (વલસાડ પાસે આવેલ કલર કંપની) જવાનું હોય તો ગુજરાત મેલમાં જ મોટા ભાગે જાય... પોતાની હેન્ડબેગ જાતે જ ઉંચકે ! વર્તનમાં કે વ્યવહારમાં, વ્યક્તિત્વમાં કે વાણીમાં ક્યાયે અહંકાર કે આંટીઘૂંટીનો અણસાર પણ જોવા ન મળે ! શોધવા જાઓ તો જડે નહીં !



'આવું કઈ રીતે થઈ શકે? આ કેમ ચલાવી લેવાય?' અને ધીમે ધીમે ચહેરાનો ગુલાબી રંગ લાલાશ પકડે અને હાથની મુઠ્ઠી ટેબલ ઉપર પછડાય!
'હુ તમારી સાથે સહમત નથી' મક્કમ શબ્દોમાં આમ કહીને બે હાથ ઉંચા કરવાની તેમની મુદ્રા... ચશ્મા પાછળની આંખોમાં ડોકાતી નારાજગીનો સ્પષ્ટ અણસાર દેખાઈ દે !









ઉત્કૃષ્ઠ કેળવણી, ગર્ભશ્રીમંતાઈ અને વિશાળ દર્શન ધરાવતી વ્યક્તિ સામાન્ય રીતે ધર્મક્ષેત્રે વ્યાપેલા કલહ, રૂઢિગ્રસ્તતા અને કુસંપ પ્રત્યે ઉપેક્ષા કે તિરસ્કારનો ભાવ સેવતી હોય છે, પણ શ્રી શ્રેણિકભાઈને જૈનધર્મમાં અખૂટ આસ્થા હોવાથી અપૂર્વ ધૈર્ય અને ચિત્તશાંતિ ધારણ કરીને સદાય સહુને સાથે લઈને ધર્મકાર્યો કરતા રહ્યા. આનું મુખ્ય કારણ એમની જૈનધર્મ પ્રત્યે ઊંડી શ્રદ્ધા.

શ્રેણિકભાઈનો સ્વભાવ ચીવટવાળો હતો તેઓ પરિસ્થિતિને ઊંડાણપૂર્વક સમજ્યા પછી નિર્ણય લેતા હતા. તેઓ ફાઈનાન્સિયલ બાબતોના એક્સપર્ટ હતા, જો કે કરોડોનો વેપાર કરતી કંપનીઓ પોતાના હસ્તક હોવા છતાં તેઓ સાદગીપૂર્વક રહેવામાં માનતા હતા. તેમણે ક્યારેય પ્રસિદ્ધિની ખેવના રાખી નહોતી કે તેના માટે ક્યારેય કોઈ પ્રપંચો કર્યા નહોતા. મંચ અને પંચની ભૂમિકાએ રહીને પ્રપંચથી અળગા રહેવું એ જેવી તેવી સાધના નથી ! એમના આવા વ્યક્તિત્વને કારણે જ તેમને સાધુ-સંતો, રાજકારણીઓ સમાજસેવકો, શ્રેષ્ઠિ સમૂહો તથા સામાન્ય માણસોનો આદર મળતો હતો. જાણીતા શિક્ષણવિદ ડૉ. બકુલ ધોળકીયા ના શબ્દોમાં "તેઓ આઈ.આઈ.એમ.ના ગવર્નિંગ બોર્ડના સૌથી વધુ સક્રિય સભ્ય હતા. કોઈપણ સરકારી ગ્રાન્ટ લીધા વિના તેમણે આંતરિક સ્રોતોમાંથી વ્યવસ્થા કરીને નવું કેમ્પસ તૈયાર કરવામાં યોગદાન આપ્યું છે. કોઈપણ અઘરી સમસ્યાનો વ્યવહારિક ઉકેલ સ્થિર મને તેમની પાસેથી મળતો. ઉચ્ચ મૂલ્યો સાથે વહીવટ એ તેમની લાક્ષણિકતા હતી."



ગાંધી આશ્રમમાં પ્રાર્થના

બધાને સાથે લઈને ચાલવાનો એમનો સ્વભાવ હતો. પેઢીના તમામ નિર્ણયો સર્વાનુમતે કરાવવાનો એમનો આગ્રહ રહેતો. એના કારણે ક્યારેક નિર્ણયો પાછા ઠેલાતા, કામો થોડા વિલંબમાં પડતા. પણ વિસંવાદિતા અને વિરોધના વાતાવરણને એઓ દૂર કરવાની કોશિશ કરતા. એનો અર્થ એ નહીં કે એઓ વિરોધોનો સામનો નહોતો કરતા, શત્રુંજય ઉપર પૂજારીઓની હડતાલ, પેઢીના કર્મચારીઓનો અસહકારવાળું વલણ... આ બધા વખતે એમણે મક્કમતા દાખવીને આ તમામનો સામનો કરેલો. એમના પુણ્યબળે શ્રી સંઘના તમામ સ્તરોથી એમને પૂરો સહયોગ મળતો !

## શેઠને કળા અને સ્થાપત્યમાં પહેલેથી રસ !

કળામાં રહેલા સૌન્દર્યની સમજ પણ સારી એવી ! પારખી નજર ! નાનામાં નાની વિગતની નોંધ કરે... ચર્ચા કરે... સમજે પણ ખરા અને સમજાવે પણ ખરા ! રાણકપુર એમની પ્રિય તીર્થભૂમિ! એક વાર પરિવારની ૨જી/૩જી પેઢીના છોકરાઓને ભેગા કરીને 'રાણકપુર જાઓ તો શું જોવા જેવું છે' એની વિગતવાર માહિતી આપી. ચિત્રો બતાવીને બધું સમજાવ્યું.





સભાને સંબોધન

એમની દાદીમા ગંગાબાએ વરસો પહેલા શત્રુંજય ગિરિરાજ ઉપર રાયણ પગલાની દેરીની ચાંદીની જાળી કરાવેલી.. જે સમય જતા ઘસાઈ ગઈ, કાળી પડી ગઈ, ક્યાંક ક્ષતિગ્રસ્ત થઈગઈ.. પેઢીએ એને ફરી પાછી તૈયાર કરાવી. કારીગર પાસે એવી જ ડિઝાઈન અને આકારવાળી બનાવી. જ્યારે ટ્રસ્ટીઓ એની વાત કરવા શેઠ પાસે ગયા, શેઠ ત્યારે બીમાર... પથારીવશ... હતા. પણ ગંગાબાને યાદ કરીને ભાવવિભોર બની ગયા... અને પેઢીના ટ્રસ્ટીઓને કહે કે 'આનો લાભ તમે મને આપશો ને ?'

**અધિકાર કે હકની તો કોઈ વાત નહીં... ઉપરથી 'લાભ આપવાની વિનંતી !'**
**આવા ઉમદા માણસો ક્યા શોધશું ?**
**માણસો વધ્યા છે... પણ માણસાઈનું પોત ઓછું થયું છે, આછું થયું છે !**

તેઓને અનેક કાર્યક્રમોમાં અતિથિ વિશેષ તરીકે ભાગ લેવા જવાનું થતું અને તેઓને શાલ ભેટમાં મળતી હતી. એલડી.ના નિયામક જીતેન્દ્ર બી. શાહે એકવાર તેઓને પૂછ્યું કે 'તમે આટલી બધી શાલોનું શું કરો છો?' તેમણે કહ્યું કે 'આ બધી શાલનું હું વેચીને તેમાંથી જે રકમ આવે છે, તે બધી રકમ પાંજરાપોળોમાં જીવદયા માટે આપી દઉં છું.' પાંજરાપોળોમાં પ્રાણીઓ માટે છાપરાં બાંધવા, પાણી માટે ચેકડેમો બાંધવા, તળાવો ઉંડો કરાવવાના કાર્યોમાં પણ એઓ સક્રિય રસ લેતા હતા. ભાવનગર જિલ્લામાં જેસર પાસે આવેલ છાપરિયાળી પાંજરાપોળ એનું જીવતું જાગતું ઉદાહરણ છે.



૨૦૦૨ના અમદાવાદના હુલ્લડ-રમખાણોમાં દુકાનો અને ધંધા ગુમાવી બેઠેલા નાના નાના વેપારીઓ માટે કાર્યકર્તાઓ દ્વારા એ વ્યાપારીઓનું સ્વમાન ન ઘવાય એ રીતે આર્થિક સહયોગ કરાવીને વ્યાપારીઓને બજારમાં ઉભા રાખ્યા. આ એમની ઉમદા અનુકંપા હતી.

ફાઈનાન્સ એમનો ગમતો અને ઉંડી પકડવાળો વિષય! સંસ્થાઓ, ટ્રસ્ટોના વહીવટ, ખાસ કરીને ભંડોળ, ફંડ વગેરેની સમુચિત વ્યવસ્થા અને ઉદ્દેશ્યપૂર્ણ જાળવણી માટે તેઓ ખૂબજ ચોકસાઈ રાખતા. આ અંગેની એમની દીર્ઘદર્શિતાનો લાભ, તેઓ જેની સાથે જોડાયા એ તમામ ટ્રસ્ટોને મળ્યો.

## જે મળે તે માણવાની કળા!

કોઈપણ વ્યક્તિ એમને ભેટ મોકલે, પુસ્તક, સીડી કે કઈ પણ મોકલે તો એનો 'થેંક્યુ'નો ફોન કરે. આભાર પત્ર લખે... એટલું જ નહી... પુસ્તક વાંચે, સીડી સાંભળે અને ફોન કે પત્ર દ્વારા પોતાનો પ્રમોદભાવથી છલકાતો અભિપ્રાય પણ આપે! વિજયભાઈ હઠીસિંગની 'મુક્તિના પંથે' ઓડિયો સીડી આખી સાંભળીને ફોન કરીને જણાવ્યું કે 'મેં મોડો ફોન એટલે કર્યો.... કારણકે મે આખી સીડી સાંભળી, મને બહુ ગમી તમારી રચનાઓ!

કંઈક ગમી ગયું તો ગુલાલ બનાવીને ઉમળકો વ્યક્ત કરવામાં જરીયે કંજૂસાઈ નહીં!


## એમને ન ગમતી વાતો...

અપ્રમાણિકતા... અનીતિ જરીયે ના ગમે ! અને કોઈની નિંદા-ટીકા ટિપ્પણી કરવાની ના ગમે ! કરવાની વાત બાજુએ મૂકો, કોઈ કરવા જાયે તો તરત જ કહે... 'એ વાત જવા દો... બીજી વાત કરીએ.' સામી વ્યક્તિ તંત ના મૂકે તો પોતાનો અણગમો સ્પષ્ટ જાહેર કરે.

એઓ સાદગીને નખશિખ વરેલા હતા. માત્ર કપડામાં સાદગી કે વાણી-વર્તનમાં સાદગી એમ નહીં. સ્વભાવમાં પણ એટલી જ સરળતા અને સાલસ... નિખાલસપણું ! બેઠા હોય અને વિચારોમાં ખોવાયા હોય કે પ્રવૃત્તિમાં ડૂબ્યા હોય, સમગ્ર વ્યક્તિત્વમાં સૌમ્યતા તો નીતરતી જ હોય !

કોઈપણ વ્યક્તિ મળીને વિદાય લે... તો એમના બે હાથ જોડાઈ જાય... હોઠ ઉપર 'થેંક..યુ...' નો દીર્ઘ ઉચ્ચાર રણકે અને મળવા આવનાર વ્યક્તિ અમિટ છાપ લઈને જાય !

સિદ્ધિઓ મેળવીને પ્રસિદ્ધિથી અલગ રહેવું એ જીવન સાધનાની સહજ સ્થિતિ છે.



## એમનો સંદેશો

'તમે જે કંઈ છો એ તમારો સમાજ, તમારો પરિવાર, તમારી પરંપરા અને તમને મળેલા વારસાને આભારી છે. માટે હવે તમારી ફરજ થાય છે કે ૨૦ થી ૨૫ ટકા પાછું આપો ! શું આપો છો એ મહત્ત્વનું નથી... સમય હોય તો સમય આપો, સંપત્તિ હોય તો સંપત્તિ આપો, સમજણ હોય તો સમજણને વહેંચો... બીજા માટે કંઈક કરો ! આ એક જવાબદારી છે, ઋણ છે.'

કદાચ પ્રભુ મહાવીરનો 'અસંવિભાગી ન હું મોખ્ખો' (જે સંવિભાગી નથી કરતો, વહેંચતો નથી, એનો મોક્ષ થતો નથી !) વાળી વાત એમની ગાંઠે બંધાઈ ગઈ હશે.

ચોમાસાની શરુઆત પહેલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજને વહોરાવવા માટે યાદ કરીને વૈયાવચ્ચ વિભાગને કાપડ મોકલી આપે! નાનામાં નાના સાધુ-સાધ્વીજી પ્રત્યે પણ અંતરનો અહોભાવ!

શિયાળાની શરુઆતમાં સંભવનાથ ફાઉન્ડેશનના કાર્યકર્તાઓને યાદ કરાવે કે આ વખતે મારા તરફથી ધાબળા વહેંચવાની રકમ કેમ હજી સુધી મંગાવી નથી?






**શ્રેણિકભાઈ શેઠે સાર્વજનિક સંસ્થાઓ સાથે ખાસ કરીને ધાર્મિક ક્ષેત્રમાં સંસ્થા સાથે જોડાવાની શરૂઆત શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા-મહેસાણાથી કરી હતી.**
**તેઓ છેલ્લે સુધી નીચેની સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા.**

| | | |
|---|---|---|
| આણંદજી કલ્યાણજી પેઢી | અધ્યક્ષ | અમદાવાદ |
| હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ | અધ્યક્ષ | અમદાવાદ |
| શ્વે. મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ | અધ્યક્ષ | અમદાવાદ |
| સંભવનાથ ફાઉન્ડેશન ટ્રસ્ટ | અધ્યક્ષ | અમદાવાદ |
| એલ.ડી. ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડોલોજી | અધ્યક્ષ | અમદાવાદ |
| વિશા ઓશવાળ ક્લબ | અધ્યક્ષ | અમદાવાદ |
| વાત્સલ્યનિધિ ટ્રસ્ટ | અધ્યક્ષ | અમદાવાદ |
| વાસ્તુશિલ્પ ફાઉન્ડેશન | અધ્યક્ષ | અમદાવાદ |
| ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ | અધ્યક્ષ | અમદાવાદ |
| ગુજરાત મ્યુઝિયમ સોસાયટી | અધ્યક્ષ | અમદાવાદ |
| ગાંધી આશ્રમ (સાબરમતી) | અધ્યક્ષ | અમદાવાદ |
| નિરમા યુનિવર્સિટી | ટ્રસ્ટી | અમદાવાદ |
| સેપ્ટ યુનિવર્સિટી | કારોબારી - ચેરમેન | અમદાવાદ |
| ગુજરાતી સાહિત્ય પરિષદ | અધ્યક્ષ | અમદાવાદ |
| શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટ | અધ્યક્ષ | અમદાવાદ |
| યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા | અધ્યક્ષ | મહેસાણા |
| પાનસર દેરાસર ટ્રસ્ટ | અધ્યક્ષ | પાનસર |
| શંખેશ્વર દેરાસર પેઢી | અધ્યક્ષ | શંખેશ્વર |
| સિદ્ધક્ષેત્ર જૈન ભોજન શાળા | અધ્યક્ષ | પાલીતાણા |
| આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણનિધિ | સંરક્ષક | દિલ્હી |



| | | |
|---|---|---|
| અમદાવાદ એજ્યુ. સોસાયટી | કારોબારી અધ્યક્ષ | 1980-81 થી 2013 |
| ગુજરાત વિદ્યા સભા | અધ્યક્ષ | 1993 થી 2007 |
| નિરમા એજ્યુકેશન રિસર્ચ ફાઉન્ડેશન | ટ્રસ્ટી | 1994 |
| NID | કારોબારી સદસ્ય | 1974 થી 2002 |
| IIM | કારોબારી સદસ્ય | 1975 થી 2009 |
| BVPatel Pharma | પ્રતિનિધિ | 1989 થી 2006 |
| (GICT) | સદસ્ય | 1969 થી 2000 |
| (GICT) | અધ્યક્ષ | 2000 થી છેલ્લે સુધી |
| PRL | સલાહકાર | 1982 થી 2007 |
| ATIRA | સલાહકાર | 1968 થી 1992 |
| IPR | સલાહકાર | 2007 થી 2010 |

આ ઉપરાંત 60 જેટલી સંસ્થાઓ સાથે તેઓ વરસો સુધી જોડાયેલા રહ્યા હતા અને તે સંસ્થાઓને શ્રેણિકભાઈએ મહત્ત્વનું યોગદાન આપ્યું.





વ્યક્તિત્વની શાલીનતા/નમ્રતા અને ખાનદાનીના હીરે દરેકને ભાવિત અને પ્રભાવિત કર્યા હતા. કામ માટે નહીં પણ અમસ્તાયે જો મળવા ગયા હો.. તો તમારા ચિત્તતંત્ર ઉપર એમના વ્યવહારની એક ન ભૂંસી શકાય એવી છાપ અંકિત થઈ જ જાય!

છેલ્લા વરસોમાં શારીરિક પીડાઓના હુમલા વધ્યા હતા. સાયટિકાના દુઃખાવાથી માંડીને માયસ્થેનિયા ગ્રેવીના કારણે એમનું શરીર થાક્યું હતું. એમાંયે પન્નાબેનના ગયા પછી એમનું મન પણ જાણે ભીતરથી મુરઝાવા માંડ્યું હતું. વરસોનો સાથ સંગાથ કે પળ પળની જિંદગીની સહયાત્રા અચાનક એકલતામાં સરી પડે, એની પીડા તો ભલભલાને ભાંગી દે છે !

જો કે એકલતાએ એમને અલિપ્ત બનવામાં સારી એવી મદદ કરી હતી. કારણ કે સત્સમાગમ, સ્વાધ્યાય અને વાંચનની આદતે એમને અખૂટ અને મજબૂત બળ પુરું પાડ્યું હતું. બિમારી દરમ્યાન પણ વહેલી સવારે ૫ વાગે ધ્યાનમાં લીન બને... ત્યારે બધાને કડક સૂચના... 'કોઈએ એમને સ્પર્શ કરવાનો નહીં.' ICU માં પણ તેઓ નિયમિત ધ્યાનમાં બેસતા !

એમના પુત્રવધૂ જયશ્રીબેનના શબ્દોમાં 'બીમારીના દિવસોમાં ખરેખર આંખોને ભીની કરી દે, અંતરને નમાવી દે એવી સમતા-સમાધિ એમના વ્યક્તિત્વમાં દેખાતી હતી. જાણે ધીમે ધીમે બધાથી અલિપ્ત થઈને જીવતા હતા.

છેલ્લા દસ દિવસમાં ૩/૪ વાર કે વધારે વખત તેઓ એવું કહેતા હતા કે 'હવે મારો સમય આવી ગયો છે.' શારીરિક અસ્વસ્થતાએ એમને છેલ્લે છેલ્લે થકવી નાંખ્યા હતા. બધાથી અલિપ્ત થઈને કાં તો આંખો બંધ રાખીને કશાક ચિંતનમાં ડૂબી ગયા હોય.. કાં આકાશને ... દીવાલને નિર્લેપ ભાવે જોયા કરે ! આગામી યાત્રાનો અણસાર એમને આવી ગયો હોય એવું લાગતું હતું.'



એમના વ્યક્તિત્વને વધાવવા માટે

છાપાઓ... અખબારો અને સમાચાર માધ્યમોએ Jain Philanthropist, Doyen, Industrial Icon, Devaut Jain... મહાજન પરંપરાના મોભી, જૈન સંઘના અગ્રણી... વગેરે અનેક વિશેષણો વાપર્યા છે. છતાંયે શ્રેણીબદ્ધ વિશેષણોની વણઝાર પણ શ્રેણિકભાઈના સાદગીસભર અસ્તિત્વ અને વ્યક્તિત્વને વાંચવા માટે ઓછી પડે !

ગુણોની શ્રેણીએ આરુઢ થઈને ભીતરની અનાસક્તિ સાથે આગળ વધતો એ આત્મા ચોક્કસપણે કર્તૃત્વ અને ભોક્તૃત્વનો ભાર હળવો કરીને મોક્ષ માર્ગ પ્રતિ આગળ ગતિશીલ હશે... એમાં કોઈ શંકા નથી !

**શ્રેષ્ઠિવર્ય શ્રેણિકભાઈ કસ્તૂરભાઈની વિદાય સાથે જાણે ગુજરાતની ગરિમાનો એક તેજપૂંજ વિલીન થઈ ગયો !**

**જાને કહાં ગયે વો શેઠ.....!**




જિર્ણોદ્ધાર પહેલા
પ્રેમચંદ મોદીની ટૂક
(શત્રુંજયતીર્થ)



જિર્ણોદ્ધાર પછી
પ્રેમચંદ મોદીની ટૂક
(શત્રુંજયતીર્થ)

# જિર્ણોદ્ધાર

શેઠને જિર્ણોદ્ધારમાં વિશેષ રસ હતો.
એમાંયે પ્રાચીન તીર્થભૂમિઓ,
કલ્યાણકભૂમિઓના જિર્ણોદ્ધાર માટે
તો એઓ ખૂબ જ પ્રયત્નશીલ રહેતા.
એ માટે પેઢીના ટ્રસ્ટીઓને સતત પ્રેરણા કરતા રહેતા.
આમ તો તારંગા, કુંભારીયા,
રાણકપુર વગેરેના જિર્ણોદ્ધાર કસ્તૂરભાઈના
વખતમાં પ્રારંભાયેલા-સપન્ન પણ થઈ ગયેલા.
તારંગાનો જિર્ણોદ્ધાર પણ બહુ જ
કાળજીભર્યો અને લાંબો ચાલ્યો હતો.
જુના શિલ્પના ખંડિત અંગોને એવા
જ પત્થરમાં ફરી ઘડીને એવી રીતે જોડવામાં
આવ્યા કે ક્યાંય સાંધો દેખાય નહીં!
અમુક નમૂનેદાર શિલ્પોની બંને સ્થિતિ
દર્શાવતા કેટલાક ફોટોગ્રાફસ મોટી સાઈઝના
બનાવવા અને તારંગામાં એક મ્યુઝિયમ
જેવું બનાવીને એમાં એ ફોટાઓ
મૂકવાની શેઠની ખૂબ ઈચ્છા હતી.
જેના માટે પેઢી તરફથી આયોજન થઈ ચૂક્યું છે.



શત્રુંજય ગિરિરાજ ઉપર કુમારપાલ દ્વારા નિર્મિત દેરાસરનો ભાગ



મૂઠી ઉંચેરા માનવી

એકવાર એવું બન્યું કે પેઢીના ડેપ્યુટી જનરલ મેનેજર મહેન્દ્રભાઈ શાહનો ફોન રણક્યો... 'હું શ્રેણિક વાત કરૂં છું. મારી પાસે એક ફાઈલ આવી છે જેમાં રિપોર્ટ છે એ આપે લખેલો છે?'

'હાજી'

'પણ તમે જે લખ્યું છે એ મને બરાબર સમજાતું નથી'

'હું આપને સમજાવું સાહેબ' અને મેનેજરે રજુઆતને સ્પષ્ટ કરી.

'તમે 'અક્ષય' ઉપર આવીને મને આ વિગતો સમજાવી શકો? કારણ કે ફોન ઉપર બરાબર નથી સમજાતું!'

'ચોક્કસ સાહેબ!' અને મેનેજર પોતાના સહયોગી સાથે 'અક્ષય' બિલ્ડીંગ પર શેઠ પાસે પહોંચ્યા. વિગતવાર વાત સમજાવી, શેઠને જે મુદ્દા માટે સ્પષ્ટતા જોઈતી હતી એ મુદ્દા અંગે રજુઆત કરી.

શેઠે હળવાશથી કહ્યું...

'જો તમે આ રીતે મુદ્દાની સાથે જ સ્પષ્ટતા કરતી નોંધ કરી હોત તો મારે તમને ભરતડકે અહીં બોલાવવા ન પડત! 'થેંક.. યુ..' અને નમ્રતાથી જોડાયેલા બે હાથ અને મોટા ચશ્મા પાછળથી વેધક નજરે જોતી આંખોમાં વાત્સલ્યની ભીનાશ તરવરી.

વાતને સમજવાની, પરખવાની, એના શક્ય એટલા પાસાઓને જોવાની શેઠની પોતાની આગવી રીત હતી. આગવો અંદાજ હતો.



નાના માણસની વાતમાં સચ્ચાઈનો રણકાર હોયતો શેઠ એ ધ્યાનથી સાંભળતા.... સમજતા અને સ્વીકારી લેતા. આવો એક પ્રસંગ થોડા વરસો પહેલા છાપરિયાળી પાંજરાપોળના ક્લાર્ક શ્રી મુકુંદભાઈ પટેલ સાથે બન્યો. વરસાદની હેલીના કારણે છાપરીયાળી પાંજરાપોળની આસપાસ ઘાસ ઉગી ગયેલા હતા. પેઢીના જનરલ મેનેજરે નિર્ણય કર્યો કે પશુઓને આ લીલું ઘાસ ચરવા મોકલવા અને દરરોજ ખાવાનું સુકું ઘાસ આપવાનું બંધ કરવું.

પાંજરાપોળનો વહીવટ સંભાળતા મુકુંદભાઈએ આ વાતનો વિરોધ કર્યો અને પશુઓને ચરવા માટે ન મોકલતા સુકું ઘાસ આપવાનું ચાલું રાખ્યું. વાત રકઝકમાં પરિણમી. શેઠ સુધી વાત પહોંચી, શેઠે બંનેને બોલાવ્યા, મુંકુંદભાઈને પૂછ્યું : તમે કેમ ના પાડો છો પશુઓને બીડમાં ચરવા મોકલવા માટે? મોટા શેઠ! એના કારણો છે.'

'કાદવવાળી જમીનના કારણે ઢોરોના પગ અંદર ઉતરી જાય, લીલું ઘાસ ખાવા જતા ઘાસના મૂળિયા સાથે કાદવ - માટી પણ પશુના પેટમાં જાય, આના કારણે પશુઓને મીણો ચઢે... રોગો થાય અને પશુઓના મરણનો આંક પણ વધી જાય! માટે મારી ના છે!

'વાહ... શાબાસ! અમારી પાંજરાપોળના ક્લાર્કભાઈ પણ પશુઓના ઘાસચારા માટે આટલી સંભાળ રાખે છે! આટલી જાણકારી ધરાવે છે! એ આનંદ અને ગૌરવની બાબત છે.'

આજે પણ મુકુંદભાઈ પટેલ આ વાતને યાદ કરીને કહે છે કે વ્યક્તિના ક્લાસને મહત્વ આપ્યા વગર એની સાચી - સારી વાતને સ્વીકારવાના વલણવાળા મારા તમારા ... બધાના અભૂતપૂર્વ પ્રમુખ સાહેબ માટે મને કાયમ આદર અને માન રહેશે!







# सेठ श्रेणिकभाई  कस्तूरभाई

**( 28.12.1925 - 19.06.2014 )**

पुण्यश्लोक श्रेष्ठीवर्य श्रेणिकभाई जिन शासन के प्रति पूर्ण समर्पित श्रावक एवं नेक इंसान (८९ साल) पंच तत्त्व में विलिन हो गये। उनका सम्पूर्ण जीवन एक उदाहरण स्वरुप आज हमारे समक्ष है जिसकी अनुमोदना जितनी भी की जाय कम है। एक श्रावक के सारे गुण उनमें समाहित थे। अनगिनत संस्थानों के संस्थापक एवं अध्यक्ष पद पर रहने के बावजूद भी सादगी, संजीदगी एवं अनुशासन पूर्ण जीवन शैली व्यतीत किया, जिसके कारण उनकी यादें हमारे बीच अनंतकाल तक जीवंत बनी रहेगी।

- एम आई टी और हार्वर्ड विश्वविद्यालय से केमिकल इंजीनियरिंग एवं एम.बी.ए. किया।
- २८७ साल पुराने सेठ आणंदजी कल्याणजी ट्रस्ट की अध्यक्षता संभाली और बरसो तक अध्यक्ष बने रहे।
- लालभाई समूह के अध्यक्ष, कपड़ा और रसायन में व्यापक शोधकिए।
- पिछले २५ बर्षो से पूरी तरह व्यवसाय से सेवानिवृत्त, लेकिन धार्मिक, शिक्षा और सामाजिक संस्थानो के लिए खुद को पूरी तरह समर्पित कर दिया।
- अहमदाबाद एज्युकेशन सोसायटी, एस.ए.पी.टी., इसरो, निरमा यूनिवर्सिटी आई.आई.एम., एन.आई.डी., इंडोलॉजी आदि संस्थानों के विकास की दिशा में अहम योगदान दिया।
- शिक्षा के क्षेत्र के अलावा कला और मंदिर आर्किटेक्चर को पारखी थे।
- बहुत ही साधारण जीवन, लेकीन योग्य कारणों के लिए दानवीरता से दान दिया।
- आम आदमी के जरूरत के लिए सजग, उनकी सादगी और ईमानदारी हंमेशा लोगों के लिए प्रेरणास्त्रोत रहेगी।

(प्रदीप जैन : पटना) ना પત્ર પરથી




શેઠની પુણ્યસ્મૃતિમાં સુકૃતાંજલિ નામનો એક કાર્યક્રમ ૨૮/૦૬/૨૦૧૪, શનિવારના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં યોજવામાં આવ્યો હતો. શ્રેણિકભાઈ જેની સાથે જોડાયેલા હતા એવી ૧૨જેટલી સંસ્થાઓના ઉપક્રમે રાજનગર-અમદાવાદના નગરશેઠ ઈન્દ્રજિત સાહેબસિંહના નિમંત્રણ પૂર્વક આ 'સુકૃતાંજલિ'ની કલ્પનાને સાકાર કરાઈ હતી. જે તે ક્ષેત્રના નિષ્ણાત પ્રતિભાવંત વક્તાઓએ શેઠના વ્યક્તિત્વના અલગ અલગ પાસાઓને પોતપોતાની આગવી રીતે ઉપસાવ્યા હતા. શ્રી અતુલભાઈ શાહે શેઠ પરિવારના પૂર્વજોનો પરિચય કરાવીને એમના કાર્યોનો અણસાર આપ્યો હતો. જ્યારે ઔદ્યોગિક ક્ષેત્રે શેઠના પ્રદાન અંગેના પોતાના અનુભવો સાથેની વાત દીપકભાઈ નાઈટ્રેટવાળા ચંદ્રકાંતભાઈ (સી.કે.)એ કરી હતી. પ્રફુલ્લભાઈ અનુભાઈના જેવા શિક્ષણવિદે એકેડમિક-શિક્ષાના ક્ષેત્રે શ્રેણિકભાઈના પ્રયાસો, પ્રત્યર્પણ અને પ્રદાનની વાત માંડીને કરી હતી. પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈએ પોતાની લોકપ્રિય શૈલીમાં શેઠના જીવનના અનેક પાસાઓને આગવી રીતે જીવંત કરી દીધા હતા. એલ.ડી.ઈન્ડોલોજીના નિયામક ડો. જિતેન્દ્ર બી. શાહે શેઠ સાથેના પોતાના સંબંધો, પ્રસંગો અને કળા તથા શ્રુતસંરક્ષણ ક્ષેત્રે એમના પ્રદાનની વાતો લંબાણપૂર્વક જણાવી હતી.

આણંદજી કલ્યાણજી પેઢીના વર્તમાન અધ્યક્ષ સંવેગભાઈએ શેઠના વ્યક્તિત્વના પ્રભાવી પાસાઓ અંગે વાત કરતા **'શ્રેણિકભાઈ ક્યારેય ભૂતપૂર્વ તરીકે ઓળખાશે નહીં... એઓ અભૂતપૂર્વ રહેવા જ સર્જાયા છે'**ની વાત કરી હતી.











પ્રકાશભાઈ ઝવેરીએ શેઠના આંતરિક ગુણો અને આચારમય જીવન તથા આરાધક વ્યક્તિત્વની સાથે તીર્થરક્ષા અને તીર્થભક્તિની વાતો કરી હતી.

દીપકભાઈ બારડોલીવાળા તથા નિકેશ સંઘવીએ ભક્તિભાવભર્યા સૂરો ગાન-સંગાન તથા મનન અને મથામણનું ભાથું બંધાવતી પ્રસંગોચિત પંક્તિઓની રજુઆત અને હૃદયની ઉર્મિઓથી ઓળઘોળ સંચાલન સાથે આ સભા સહુના માટે સંભારણારુપ બની હતી.

અખિલ ભારતવર્ષીય દિગંબર સમાજ તરફથી શેઠને અપાયેલ અંજલિ સંદેશનુ વાંચન પણ કરાયું હતું.

સંગીતની મધુર-મંજુલ સુરાવલીમય શબ્દાંજલિ, સ્વરાંજલિ અને ભાવાંજલિથી સભર આ સુકૃતાંજલિ કાર્યક્રમમાં છેલ્લે ઉપસ્થિત તમામ ભાઈ બહેનોએ શેઠની સ્મૃતિને જીવંત રાખવા એકાદ શુભ પ્રવૃત્તિનો સંકલ્પ લઈને શેઠ પ્રત્યે કૃતજ્ઞભાવ વ્યક્ત કર્યો હતો. સુકૃતાંજલિ કાર્યક્રમની આ સાર્થકતા હતી.




છેલ્લે સંજય લાલભાઈનો પ્રતિભાવ

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે પેઢીના સંપર્ક સૂત્રો :

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079-2660 8244
E-mail : shree_sangh@yahoo.com

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

**શ્રી કચવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી**


વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૦૨૨-૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**


શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા - ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨.૩૦, બપોરે ૨.૩૦ થી ૭.૦૦

**અને છેલ્લે**

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ?
એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો
તો અમને બહુજ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com


નમો જિણાણં


પ્રભુજી, અજવાળું દેખાડો


મત્થેણ વંદામિ



# હું શ્રેણિક વાત કરું છું...!

હવે આ શબ્દોનો શ્રુતિમધુર રણકાર માત્ર
સ્મૃતિઓના માળામાં ટહુકયા કરશે... !

**BOOK - POST**

*To,*

**આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**